### કુદરત રૂઠી...ખેડૂતોને રોવાનો વારો આવ્યો

# અરવલ્લીમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા કૃષિપાકોને વ્યાપક નુકશાનનો અંદાજ

બંગાળની ખાડીમાં લો ડીપ્રેશન સર્જાતા હવામાનમાં પલટો આવતાં છેલ્લા બે દિવસથી ઉત્તર ગુજરાતમાં વાદળછાયા વાતાવરણથી ગઈકાલ રાત્રે અનેક ઠેકાણે વરસાદના હળવાથી ભારે ઝાપટા પડયા હતા. જેના કારણે ખેતરોમાં ઉભા પાક લણી રહેલા ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફેલાયું હતું. અરવલ્લી જીલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ ખાબકતા મગફળી, કપાસ, સોયાબીન, અડદ સહીત અન્ય પાક તૈયાર થઈ ગયો હોવાને કારણે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક ખેતરમાં લહેરાતો પાક જમીનદોસ્ત થઈ જતા અને ખેતરમાં લણીને રાખેલ મગફળી પલળી જતા ખેડૂતોની હાલત પડતા પર પાટુ જેવી થઈ છે. માર્કેટયાર્ડમાં વેપારીઓએ ખરીદેલ કૃષિપાક પલળી જતા ભારે નુકશાની



ભોગવવાનો વારો આવ્યો છે.

શનિવારે રાત્રે અરવલ્લી જીલ્લામાં ગાજવીજ અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા ખેતરોમાં પણ લેવાયેલા પાક તેમજ ઘાસચારો પલળી જતાં વેપારીઓ અને ખેડૂતોને વ્યાપક નુકશાન થયું હોવાના અહેવાલો છે. જો આગામી દિવસોમાં હવામાન વિભાગના જણાવાયા મુજબ વધુ વરસાદ થશે તો ખાસ કરીને ખેડૂતના મોમા આવેલો કોળીયો ઝુંટવાઈ જવાની શક્યતા છે જો એમ થશે તો દિવાળીના તહેવારોની ઉજવણીમાં કોઈ રસકસ રહે તેમ લાગતુ નથી. પછી તો કુદરત કરે તે ખરૂ. રવિવારે પણ જિલ્લાના મોટાભાગના સ્થળે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ આકાશ વાદળછાયુ રહ્યુ હતું જેના લીધે આખો દિવસ બાફ અને ઉકળાટનું પ્રમાણ વધુ અનુભવાયુ હતું.



## પ્રાંતિજ સહિત જિલ્લામાં અનેક સ્થળોએ રાત્રી દરમિયાન કમોસમી વરસાદ, ખેડૂતોને મોટું નુકશાન

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં રાત્રી દરમ્યાન ગાજવીજ પવન કડાકા સાથે એક ઈંચ જેટલો કમોસમી વરસાદ ખાબકતા હાલ તો ખેડૂતોના ખેતરોમાં તૈયાર થયેલ પાક પલળી ગયો હતો. અરબી સમુદ્રમાં સર્જાયેલા વેલમાર્ક લો પ્રેસરના કારણે અચાનક



વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો, જેમાં ગઈ રાત્રી દરમ્યાન ગાજવીજ તેજ પવન કડાકા ભડાકા સાથે જીલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં કમોસમી વરસાદ પડતા ખેતીમાં મોટુ નૂકશાન થયું છે. જેમાં મોટાભાગનો તૈયાર થયેલ ડાંગર અને મગફળીનો પાક પલળી જતા હાલ તો ખેડૂતોના હાથમાં આવેલ કોળીયો છીનવાઈ ગયો છે અને હાલ તો પાક પલળી જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

# અરવલ્લી પ્રશાસનતંત્ર ઉંઘતુ રહ્યું..!! મોડાસાના રાજપુર ગામે લોકમેળો ભરાયો







## મોટી સંખ્યામાં માસ્ક વગર લોકો ઉમટ્યા, આરોગ્ય સામે ખતરો

મોડાસા, તા. ૧૮

કોરોના વાયરસની માહામારી વચ્ચે સમગ્ર વિશ્વમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસને ફેલાતા રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા દેશ ભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ધીરે ધીરે છૂટછાટ આપી જનજીવન રાબેતા મુજબ કરવા સરકાર મથામણ કરી રહી છે હજુ પણ કોરોનાનું સંક્રમણ રોકાવા મોટી સંખ્યામાં લોકોને એકઠા થવા પર પ્રતિબંધ છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા ગુજરાતની અસ્મિતા સમી નવરાત્રીની ઉજવણી પર પાબંધી લગાવી દીધી છે, લોકમેળા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં અને સમયાંતરે જીલ્લા કલેક્ટર જાહેરનામું પ્રસિદ્ધ કરી રહ્યું છે પણ તેની અમલવારીમાં ઉણુ ઉતરી રહ્યું હોય તેવા દ્રશ્યો અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના રાજપુર ગામે જોવા મળ્યા હતા રાજપુર ગામે બીજનો મેળો ભરાતા મોટી સંખ્યામાં લોકો મેળામાં મહાલવા ઉમટી પડ્યા હતા.

મોડાસા તાલુકાના રાજપુર ગામે રામદેવપીર ભગવાનનું મંદિરમાં બીજના દિવસે મોટી સંખ્યામાં દર્શન કરવા ઉમટી પડતા હોવાથી ધીરે ધીરે મેળામાં રૂપાંતરિત થતા દર બીજે મેળા જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. કોરોનાની મહામારીમાં મેળાવડાઓ પર પ્રતિબંધ લાદી દેતા ભારતીય સંસ્કૃતિના ઘરેણાં સમાન તમામ નાના-મોટા મેળાઓ બંધ રહ્યા છે ત્યારે રવિવારે આસો બીજના દિવસે મેળો ભરાતા મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે ઉમટ્યા હતા સાથે સાથે મેળાનો લુપ્ત ઉઠાવ્યો હતો. વેપારીઓ અને ફેરિયાઓ પણ રોજીરોટી મેળવવા પહોંચ્યા હતા જાણે શ્રદ્ધાળુઓ અને ફેરિયાઓમાં કોરોનાનો ભય ગાયબ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળ્યા હતા, સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ અને માસ્ક વગર બિંદાસ્ત લોકો ટહેલતા જોવા મળ્યા હતા. બીજી બાજુ પ્રશાસનતંત્ર સરકારની ગાઈડલાઈનનું પાલન કરાવવામાં નિષ્ફળ રહેતા લોકોના આરોગ્ય સામે ખતરો પેદા થયો છે.

# લાખણી તાલુકા પંચાયત આખરે ભાજપના ફાળે

### કોંગ્રેસના બે સભ્યો ગેરહાજર રહેતા કમળ ખીલ્યું : બે સભ્યો સામે પક્ષાંતર ધારા હેઠળ કાર્યવાહી કરાશે : મહેશભાઈ દવે



લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની રસકસીભરી ચૂંટણી યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદે ભાજપના ટીપુબેન લક્ષ્મણભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદે અજીતસિંહ વાઘેલાનો વિજય થયો હતો. તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસના ૧૧-૧૧ સભ્યો વચ્ચે શનિવારે કોંગ્રેસના ૨ સભ્યો ગેરહાજર રહેતાં ૧૧-૯ થી ભાજપનો વિજય થયો હતો. આ તરફ કોંગ્રેસના મહેશભાઈ દવેએ જણાવ્યુ હતુ કે અમારા ૨ સભ્યોને ભાજપે લોભ-લાલચ આપતાં તે ગેરહાજર રહ્યા હતા. આ બંને સભ્યો સામે પક્ષાંતર ધારાની કલમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

બનાસકાંઠા જીલ્લાની લાખણી તાલુકા પંચાયતમાં આજે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપે સત્તા હાંસલ કરી છે. ગત ૧૪ ઓક્ટોબરે પ્રમુખ સહિતના સભ્યોની સત્તાને જીવતદાન મળ્યા અને તેના ૩ દિવસ બાદ ચૂંટણીનું બ્યૂગલ આવતાં ભાજપ-કોંગ્રેસ માટે સત્તાનો જંગ ખેલવાની પરિસ્થિતિ બની હતી. આજે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના ૨ સભ્યો ગેરહાજર રહેતાં ૯ વિરૂધ્ધ ૧૨ મતે ભાજપે બીજી ટર્મમાં સત્તા મેળવી છે. મતદાન દરમ્યાન ભાજપના તમામ સભ્યો ઉપસ્થિત હોઈ ૨ મતે ભાજપને સત્તા મળી છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે ભાજપ તરફથી પ્રમુખ પદ માટે ટીપુબેન લક્ષ્મણભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદ માટે અજીતસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવી હતી. તો સામે કોંગ્રેસ તરફથી પ્રમુખ પદ માટે જડીબેન લાલાજી ઠાકોર અને ઉપપ્રમુખ પદ માટે ભલાભાઈ રાજપૂતે ઉમેદવારી નોંધાવી હતી.

નોંધનિય છે કે અગાઉની ટર્મમાં ભાજપ અને કોંગ્રેસ પાસે સરખાં સભ્યો હોઈ નસીબના જોરે કોંગ્રેસના મહેશ દવે પ્રમુખ બન્યા હતા. જોકે ભાજપના સભ્યોએ બજેટ નામંજૂર કરાવી રાજકીય દાવપેચ ખેલતાં વિકાસ કમિશ્નરે તમામ સભ્યોની સત્તા ઉપર કાપ મુક્યો હતો. જેમાં ગત ૧૪ ઓક્ટોબરે હાઈકોર્ટે આદેશ કરતાં ફરી એકવાર તમામ સભ્યોને સત્તા મળી છે. જોકે અગાઉની ટર્મનો સમયગાળો પુર્ણ થયો હોઈ વિકાસ કમિશ્નરે આગામી ટર્મ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવા આદેશ કર્યો હતો. આવી સ્થિતિમાં હાલના પ્રમુખ અને ઉપપ્રમુખને માત્ર ૩ દિવસની સત્તા મળી હતી.

# ખેડબ્રહ્માના ધારાસભ્યના અનશનનો મુદ્દો ઉછળ્યો

હિંમતનગર, તા. ૧૭

સામાન્ય સભાની કાર્યવાહી દરમિયાન વિપક્ષના સભ્ય મહેન્દ્રસિંહ રહેવરે એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે જિલ્લા વિકાસ અધિકારીએ વહિવટી પ્રક્રિયાના ભાગરૂપે જે તલાટીઓની બદલી કરી છે અને તેના વિરોધમાં ખેડબ્રહ્માના ધારાસભ્યએ જિલ્લા પંચાયત આગળ કરેલા અનશન યોગ્ય ન હતા. જેથી જિલ્લા પંચાયતના વિપક્ષના સભ્યોએ તેનો વિરોધ કરીને જિલ્લા વિકાસ અધિકારીની કામગીરીને યોગ્ય લેખાવી જોઈએ જે અંગે સત્તાધારી કોંગ્રેસ પક્ષના સભ્યોએ અનુત્તર રહ્યા હતા.

# મોડાસા ટાઉન પોલીસે હજીરાના ખાડામાંથી ૧૨૦૦ લીટર બાયોડીઝલ સાથે ત્રણને ઝડપ્યા

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં કેમિકલવાળું બાયોડીઝલનો વેપલો ફૂલોફાલ્યો છે, જીલ્લામાં સતત





બાયોડીઝલનો જથ્થો ઝડપાઈ રહ્યો છે, બાયોડીઝલ નામે કેમિકલ પ્રવાહીના વેચાણમાં બમણો નફો હોવાથી અસામાજિક તત્વોનો ડોળો હવે ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણ પર ઠર્યો છે. જીલ્લામાં દરરોજ હજ્જારો લીટર બાયોડીઝલનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે.

મોડાસા ટાઉન પોલીસે હજીરાના ખાડા વિસ્તારમાં બાયોડીઝલ વેચાણ થતું હોવાની બાતમી મળતા રેડ કરી દુકાન અને પીકઅપ ડાલામાં ભરી રાખેલ ૧૨૦૦ લીટર જથ્થો જપ્ત કરી ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. ધનસુરા પોલીસે નવલપુર પાસેથી એક્ટિવામાં સંતાડીને લઈ જવાતી વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે રાજસ્થાનના બે બુટલેગરોને દબોચી લીધા હતા.

મોડાસા ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે હજીરા વિસ્તારમાં પેટ્રોલિંગ હતી ત્યારે ખાડા વિસ્તારમાં એક દુકાન અને પીકઅપ ડાલામાં ગેરકાયદેસર બાયોડીઝલનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમી મળતા તાબડતોડ ખાડા વિસ્તારમાં ત્રાટકી પીકઅપ ડાલું (ગાડી. નં. જીજે.૦૯.વી.૮૫૯૬) અને દુકાનમાંથી બાયોડીઝલ ભરેલ બેરલ નંગ-૬ માંથી ૧૨૦૦ લીટર કીં. રૂ.૬૦૦૦૦ જપ્ત કરી બાયોડીઝલનો ગેરકાયદેસર વેપલો કરનાર સલ્લાઉદીન હબીબભાઈ પટેલ (રહે. રોનક સોસાયટી, મોડાસા), ઈદ્રીશ નૂરમોહમ્મદ ખીરા( રહે. ખંભોરીયા-દેવભૂમિ દ્વારકા) અને અનીસ અનાવરભાઈ સુમરા (રહે. શ્રીનગર સોસાયટી-ઈડર)ને ઝડપી પાડી બાયોડીઝલ અને પીકઅપ ડાલુ,મોબાઈલ મળી કુલ રૂ.૨૬૦૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન નવલપૂર પાસેથી પસાર થતા એક્ટિવા (ગાડી.નં. જીજે.૨૭. સીએચ.૧૨૧૮)ને અટકાવી તલાસી લેતા એક્ટિવામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ કીં. રૂ.૭૨૦૦ જપ્ત કરી ઉત્તમસિંહ દેવીસિંહ રાજપૂત અને હરિસિંહ જવાનસિંહ પરમાર (રહે. રાજસ્થાન)ને ઝડપી પાડી એક્ટિવા અને મોબાઈલ નંગ-૨ તથા વિદેશી દારૂ મળી કુલ રૂ.૩૯૨૦૦નો જથ્થો જપ્ત કરી બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીને દાહોદ જિલ્લાની જવાબદારી સોંપતી કોંગ્રેસ

રાજ્ય પંચાયત પરિષદ અને અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીને આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં દાહોદ જીલ્લામાં કોંગ્રેસનું સંગઠન મજબૂત બનાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ નિરીક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં કોંગ્રેસનું સંગઠન મજબૂત બનાવવામાં વિદ્યાર્થીકાળથી સક્રિય અને જીલ્લા પંચાયત સદસ્ય રાજેન્દ્ર પારધીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ દાહોદ જીલ્લાના નિરીક્ષક તરીકે નિમણુંક કરી કોરોનાની મહામારીમાં ભાજપ સરકારના અણધડ વહીવટથી ત્રસ્ત છે, જે અંગે લોકોને જાગૃત કરવાની સાથે સંગઠન મજબૂત બનાવવી જવાબદારી સોંપી છે.



દાહોદ જીલ્લામાં શહેર-તાલુકા સંવાદ કાર્યક્રમ, ડિજિટલ મેમ્બરશીપ ડ્રાઈવ તેમજ સ્થાનિક સ્વરાજયની નગરપાલિકાની ચૂંટણીઓમાં વોર્ડ દીઠ કોંગ્રેસને મજબૂત કરવા અને વોર્ડ દીઠ કોંગ્રેસના યુવા કાર્ય કરતો તૈયાર કરવાની જવાબદારી સોંપી છે.

રાજેન્દ્ર પારધીના જણાવ્યા અનુસાર પ્રદેશ કોંગ્રેસ સમિતીએ મારા પર વિશ્વાસ મૂકી દાહોદ જીલ્લાની જવાબદારી સોંપી છે ત્યારે દાહોદ જીલ્લામાં આગામી સમયમાં કોંગ્રેસનું સંગઠન મજબૂત બનાવી ઘરે ઘરે કોંગ્રેસ પહોંચાડી આગામી સમયમાં યોજાનાર તમામ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થશે અને મને આપેલ જવાબદારીમાં સંપૂર્ણપણે નિભાવીશ તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.



## પ્રથમ નોરતે ટુ વહીલરની શુકનવંતી ખરીદીનું મુહૂર્ત

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં લોકડાઉન બાદ અનલોકમાં વેપાર - ધંધા ધમધમવા લાગ્યા છે. પરંતુ બજારોમાં આર્થિક મંદી પ્રવર્તે છે. કોરોનાના કારણે ખરીદ શક્તિ ઘટી જતાં લોકો જરૂરીયાત વાળી ચીજ વસ્તુ સિવાય અન્યની ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. તેથી ઓટો ક્ષેત્ર પણ મંદીમાં સપડાયું છે. પરંતુ વેપારીઓને નવરાત્રીથી દિવાળીના સપરમાં દિવસો શરૂ થતાં વાહનોનું વેચાણ થવાની આશા બંધાઈ હતી. કારણ આ દિવસો પવિત્ર ગણાતા હોઈ લોકો ગજા પ્રમાણે વાહનો અને સોના-ચાંદીના ઘરેણાની શુકનવંતી ખરીદી કરે છે. તેથી શનિવારે પ્રથમ નોરતે ડીસાવાસીઓ ટુ વહીલરની ખરીદી માટે શો રૂમમાં ઉમટી પડ્યા હતા. જો કે ગત વર્ષ કરતા આ વખતે વેચાણમાં ધરખમ ઘટાડો થયો હોવાનું ઉષા ઓટો મોબાઈલના માલિક ગુંજનભાઈ કોટકે જણાવ્યું હતું.